ભરત મહીપતભાઈ પંડયા
૪૦ જી, સત્ય એપાર્ટમેન્ટ, ભાવનગર બ્લડ બેન્કની બાજુમાં, ડાયમંડ ચોક, ભાવનગર.
Mobile no. 9377106799

## નિમંત્રણ તથા 0278 2201572

## જગદીપ વીરાણી જન્મ જયંતી મહોત્સવ

### ૧૮ ડિસેમ્બર ૨૦૦૫, રવિવાર

પરમ આદરણીય શ્રી, ભરતભાઈ, સૌ. હેમાબેન તથા દર્શિ વીરાણી

આપણા સહુમાં જેમણે કલાના સંસ્કાર સીંચ્યા છે તેવા આપણાં અને સમગ્ર ગુજરાતનાં પર્ફોર્મીન્ગ આર્ટ્સના કલાગુરુ અને આપણા સહુના મોટાભાઈ સદ્. જગદીપ વીરાણીની જન્મ જયંતી તા. ૧૬/૧૨/૨૦૦૫ના દિવસે છે. આ સંદર્ભમાં 'સપ્તકલા' પરિવારનાં બધા સભ્યોને રવિવારનાં દિવસે મળવાનું અનુકૂળ હોવાથી એક સ્નેહમિલન તા. ૧૮/૧૨/૨૦૦૫, રવિવારે, શ્રી અહિચ્છત્ર સંસ્કાર કેન્દ્ર, ૯૮, ગીતાચોક, ભાવનગરમાં યોજ્યુ છે. સવારના ૮:૩૦ થી રાત્રિના ૧૦:૩૦ સુધી વિવિધ કાર્યક્રમોનુ આયોજન નીચે પ્રમાણે કર્યું છે તેમાં જગદીપભાઈનાં ગીતો, તેમણે તૈયાર કરાવેલાં રાસ–ગરબા, નૃત્યો અને નૃત્ય–નાટિકા જેવી કૃતિઓ આપણા પરિવારના કલાકારો પ્રસ્તુત કરશે.

| | | |
|---|---|---|
| સવારના | ૮:૩૦ થી ૯:૦૦ | અહિચ્છત્ર સંસ્કાર કેન્દ્રમાં એકત્ર થવું તથા ચા–નાસ્તો. |
| સવારના | ૯:૦૦ થી ૧:૦૦ | પરસ્પર મિલન, ગીત–સંગીત વગેરે. |
| બપોરના | ૧:૦૦ થી ૨:૩૦ | મધ્યાહ્ન ભોજન. |
| બપોરના | ૨:૩૦ થી ૪:૦૦ | વિરામ. |
| સાંજના | ૪:૦૦ થી ૫:૦૦ | ચા–નાસ્તો વગેરે |
| સાંજના | ૫:૦૦ થી ૬:૩૦ | આરામ અને કાર્યક્રમની તૈયારી |
| સાંજના | ૬:૩૦ થી ૯:૩૦ | વિવિધ મનોરંજન કાર્યક્રમ જેમાં સદ્. શ્રી જગદીપભાઈનાં ગીતો, રાસ, ગરબા, શાસ્ત્રીય નૃત્યો, નૃત્ય–નાટિકા, વગેરે પ્રસ્તુત થશે. |
| રાત્રિનાં | ૯:૩૦ થી ૧૦:૩૦ | રાત્રિ ભોજન |
| રાત્રિનાં | ૧૦:૩૦ | પૂર્ણાહુતિ – વિસર્જન |

આવું એક આયોજન આપણે ૧૯૯૫માં કર્યું હતું અને દસ વર્ષ પછી આપણે ફરી મળી રહ્યાં છીએ. આ અનેરો આનંદ માણવા આ કાર્યક્રમમાં તમે સપરિવાર અચૂક આવશો જ તેવી શ્રધ્ધા છે. આપણે અવારનવાર મળતાં રહીએ તેવી અંતરની અદમ્ય ઈચ્છા છતાં સાંપ્રત સમયમાં આપણે મળી શકતાં નથી તે વાસ્તવિકતા છે. ત્યારે પળે પળમાંથી આનંદ પ્રાપ્તિની ઈચ્છા વ્યકત કરતી જગદીપભાઈની આરતનાં શબ્દો – **"આવ્યાં છો બહુ દિન બાદ, એક દિન રોકાઓ ને !"** યાદ આવ્યા કરે છે. તમે બહારગામ રહેતા હો તો તમે તથા તમારા પરિવારના કેટલા સભ્યો આ મહોત્સવ માટે ભાવનગર આવશો તેમ જ ભાવનગરમાં તમારાં રહેવાની શું વ્યવસ્થા તમે વિચારી છે તે અંગે તમે **ભરત મહીપતભાઈ પંડયાને ઉપરના સરનામે** પત્રથી અચૂક જાણ કરશો. આભાર સહ...

નિમંત્રક
સપ્તકલા પરિવાર.

મધ્યાહ્ન ભોજન
આપની હાજરી-ભરતિ
તા. ૭/૧૨ સુધીમાં
જરૂરથી જણાવે

બાબુભાઈ

મહાશિવરાત્રીની વાજાંઓ ઢોલનો ડંકો વાગ્યો ત્યારે ત્યાં ઉપસ્થિત રહ્યા
જશાભાઈ શાસ્ત્રી ગોવિંદજી મકવાણા રવિ માસ્તર
મુંબઈ - આદેશ રોડ કંદોરીયા બ્રાહ્મણોને દર્શન કરતા.
સુંદરજી ભાઈ ભાગવત ડ્રો શિવ પુરા.
આખરા કુટુંબના ચુનીભાઈ રાજકોટ દ્વારકામાં રહ્યા
ભિખાભાઈ માતા નીતના ગાંધી ગાય - દેવાલય નહીં તેરે
સોમનાથનાથ ની કસોટી થતી - દિલ્હીના શિક્ષણ
સાંભળો તેણે કસોટી કરાવી. -
વાઘેલા બાપુ ભવ શાસ્ત્ર ભાષા એ સંગીત શિખવું તો વ
ગુરુ પાસેથી. શંકરાચાર્ય - ભાસ્કર હિંદુ યુનિ - શિવસ્વામીએ
પંડિત ભિખાભાઈ થયા -

~~[illegible]~~

મહારાષ્ટ્રીયન બેન પરસ્પર - ગવાય ગાય
ડો. મહોત ત્યાં રહે. - એની પાછળ એક મહારાજ છત્રીવાળે
જતા હોય. -
થોડીવાર પછી સુધી તરી બોલાવ્યા -
આવે ગઢ કાશ્મીરમાં છે - તો બધા દર્શન કરવા આવે

બધા સુધીપણ દોડ મોટો ત્યાં ગયા,
આરતી પછી પ્રસાદ આપ્યો. જગદીશ પાસે આવ્યા પછી
જગદીશને માથે સુધી ફેરવ્યો. ત્યારે એણે તમારા બોલી
કે જગદીશ - ગુજરાતનું ગૌરવ થશે.